ચેકડેમોને ઉંડા ઉતારવાની (ડીસીલ્ટીંગ) કામગીરીની
કાર્યપદ્ધતિ નક્કી કરવાની બાબત

ગુજરાત સરકાર,
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
ઠરાવ ક્રમાંક: સીડીએમ/૨૦૦૮/આઇબી/૮૭૯/૪૨૯/ભાગ-૧/ક-૨,
સચિવાલય., ગાંધીનગર.
તા.૨૩/૦૧/૨૦૧૪.

પુર્વભુમિકા:

રાજ્યમાં જળસંપત્તિ વિભાગ દ્વારા વર્ષ ૨૦૦૦ સુધીમાં વિવિધ બજેટ સદર હેઠળ મર્યાદિત સંખ્યામાં ચેકડેમ બાંધવામાં આવતા હતા. ત્યારબાદ સરકારશ્રી દ્વારા સૌરાષ્ટ્ર વિસ્તારમાં લોકોનાં સહકારથી વધુમાં વધુ ચેકડેમ બાંધવાની ઝુંબેશરૂપે તા.૧૭/૦૧/૨૦૦૦ ના ઠરાવથી સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અમલમાં મુકેલ છે. જેમાં ચેકડેમનાં ખર્ચનાં ૬૦ ટકા રકમ સરકારશ્રીએ અને ૪૦ ટકા રકમ લોકફાળા રૂપે પ્રાયોજકશ્રી/સંસ્થાએ ભોગવવાનું ઠરાવેલ. ત્યારબાદ તા.૦૧/૦૪/૨૦૦૫ના ઠરાવથી સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાનો ચોથો તબકકો રાજ્યમાં અમલમાં મુકવામાં આવેલ છે. જે મુજબ આ યોજના હેઠળ બાંધવામાં આવતા ચેકડેમોમાં રાજય સરકારનો ફાળો ૮૦ ટકા અને લોકફાળો ૨૦ ટકાના ધોરણે સમગ્ર રાજય માટે એકસરખો નિયત કરવામાં આવેલ છે. અત્યાર સુધીમાં જળસંપત્તિ વિભાગ દ્વારા સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ ૭૯૦૦૦ થી વધુ તેમજ અન્ય યોજનાઓ હેઠળ મળી કુલ ૯૧૯૦૦ થી વધુ ચેકડેમોના બાંધકામ થયેલ છે. આ સઘળા ચેકડેમના કારણે રાજયના વિવિધ વિસ્તારોમાં ભુગર્ભ જળના સ્તરોમાં નોંધપાત્ર સુધારો જોવા મળેલ છે.

આ બંધાયેલા ચેકડેમો પૈકી અમુક ચેકડેમોમાં સમય પસાર થતા વધુ પ્રમાણમાં સીલ્ટીંગ થવાથી આવા ચેકડેમની સંગ્રહશક્તિમાં નોંધપાત્ર ઘટાડો થાય છે. આવા ચેકડેમોને ઉંડા ઉતારવાની (ડીસીલ્ટીંગ) કામગીરી સમયસર ન થવાને કારણે લોકોને ચેકડેમના બાંધકામનો લાભ યોગ્ય રીતે મળતો નથી. જળસંપત્તિ વિભાગ દ્વારા સમગ્ર રાજ્યમાં હયાત ચેકડેમોની ડીસીલ્ટીંગની કામગીરી દર વર્ષે રાજ્યનાં બજેટમાંથી કે MG NREGA યોજનાં હેઠળ હાથ ધરવામાં આવે છે. પરંતુ ચેકડેમોને ઉંડા ઉતારવાની કામગીરીની પ્રગતિ નહીંવત છે. આથી દર વર્ષે ચોમાસા પહેલા જ અગ્રતાક્રમ મુજબ ચેકડેમોને ઉંડા ઉતારવાની (ડીસીલ્ટીંગ) કામગીરી થઈ જાય એ માટેની કાર્યપદ્ધતિ નક્કી કરવાની બાબત સરકારશ્રીમાં વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

હયાત ચેકડેમનાં લાભાલાભને ધ્યાને લઇને દર વર્ષે ચોમાસા પહેલા ચેકડેમોને ઉંડા ઉતારવાની કામગીરીની યાદી વર્તુળ કચેરી કક્ષાએ નક્કી કરવાની રહેશે. આ યાદી મુજબનાં ચેકડેમોને ઉંડા ઉતારવાની (ડીસીલ્ટીંગ) કામગીરી કરાવતી વખતે ચેકડેમનાં સ્ટ્રકચરને કોઇપણ જાતનું નુકશાન ન થાય તે રીતે તાંત્રિક બાબતોને ધ્યાને લઇને નીચે જણાવેલ અગ્રતાક્રમ મુજબ હાથ ધરવાની રહેશે.

(૧) ચેકડેમોને ઉંડા ઉતારવાની કામગીરી જ્યારે સ્વ ખર્ચે કરવામાં આવે ત્યારે સરકારશ્રીનાં ઉદ્યોગ અને ખાણ વિભાગનાં ઠરાવ ક્રમાંક: જીએમઆર/૨૦૧૩/૧૨૨૧/છ, તા.૧૭/૦૪/૨૦૧૩ ની જોગવાઇઓને આધીન મંજૂરી આપવાની રહેશે.

(૨) મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાહેંધરી યોજના (MG NREGA) હેઠળ વધુમાં વધુ ચેકડેમોને ઉંડા ઉતારવાની કામગીરી થાય તે મુજબ આયોજન કરવું.

(૩) જે ચેકડેમમાંથી વિભાગની મશીનરીથી ખોદાણ કરી ખેડુતો તેમનાં ટ્રેકટર- ટ્રક વગેરેમાં માટી લઇ જાય તેવી વ્યવસ્થા થાય તો તેને અગ્રતા આપવી.

(૪) ઉપર મુદ્દા નં.૧ થી ૩માં સુચવ્યા પ્રમાણે શક્ય ન હોય ત્યાં ટેન્ડર મેળવી ચેકડેમોને ઉંડા ઉતારવાની કામગીરી કરાવવી. ચેકડેમ ઉંડા કરવાથી નીકળતી માટી ઇજારદારશ્રી કોઇને પણ વેચાણ આપી શકશે નહીં, તેવું કરશે તો જેટલી માટી વેચી હશે તેનાંથી બમણી રકમ બીલમાંથી કાપી લેવામાં આવશે. માટી નાંખવાની જાહેર જગ્યાઓ ઉપલબ્ધ ન હોય તો અધીક્ષક ઇજનેરશ્રી કક્ષાએ માટી વેચાણની મંજૂરી મેળવવાની રહેશે અને તેટલી રકમ બીલમાંથી કપાત કપાત કરવાની રહેશે. આ બાબતની જોગવાઇ ટેન્ડરમાં કરવાની રહેશે.

(૫) ડીસીલ્ટીંગ કામગીરીનાં પહેલા અને પછીનાં ફોટોગ્રાફ્સ તેમજ જરૂરી દસ્તાવેજો/રેકર્ડ જાળવવાનાં રહેશે.

(૬) ડીસીલ્ટીંગની કામગીરીનાં સરકારશ્રીનાં વખતો વખતનાં ઠરાવ/જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

ગુજરાતનાં રાજ્યપાલશ્રીનાં હુકમે અને તેમનાં નામે.

(કે.પી.ગાંધી)
ઉપસચિવ (જળસંચય)

નકલ સાદર રવાના પ્રતિ,

માનનીય મંત્રીશ્રી (જ.સં.) નાં અંગત મદદનીશશ્રી,

માનનીય રાજ્યકક્ષાનાં મંત્રીશ્રી (જ.સં.) નાં અંગત મદદનીશશ્રી,

માનનીય અધ્યક્ષશ્રી, સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના કાર્યાન્વયન સમિતિ, (સૌ.અને કચ્છ વિસ્તાર),

માનનીય અધ્યક્ષશ્રી, સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના કાર્યાન્વયન સમિતિ, (ગુજરાત ક્ષેત્ર),

તકેદારી આયુક્તશ્રી, ગુજરાત તકેદારી આયોગ, તકેદારી આયોગ ભવન, સેકટર-૧૦/બી, ગાંધીનગર,

સચિવશ્રી, (જ.સં.) ન.જ.સં.,પા.પુ. અને ક. વિભાગ, ગાંધીનગર,

મુખ્ય ઇજનેર (સૌ) અને અધિક સચિવશ્રી, ન.જ.સં.,પા.પુ. અને ક. વિભાગ, ગાંધીનગર,

મુખ્ય ઇજનેર (ઉ.ગુ.) અને અધિક સચિવશ્રી, ન.જ.સં.,પા.પુ. અને ક. વિભાગ, ગાંધીનગર,

મુખ્ય ઇજનેર (દ.ગુ.) અને અધિક સચિવશ્રી, ન.જ.સં.,પા.પુ. અને ક. વિભાગ, ગાંધીનગર,

મુખ્ય ઇજનેર (મ.ગુ.) અને અધિક સચિવશ્રી, ન.જ.સં.,પા.પુ. અને ક. વિભાગ, ગાંધીનગર,

મુખ્ય ઇજનેર (પં.) અને અધિક સચિવશ્રી, ન.જ.સં.,પા.પુ. અને ક. વિભાગ, ગાંધીનગર,

મુખ્ય ઇજનેર (ગુ.નિ.) અને અધિક સચિવશ્રી, ન.જ.સં.,પા.પુ. અને ક. વિભાગ, ગાંધીનગર,

ખાસ ફરજ પરનાં અધિકારીશ્રી (સિં.યો.), ન.જ.સં.,પા.પુ. અને ક. વિભાગ, ગાંધીનગર,

અધીક્ષક ઇજનેરશ્રી, ન.જ.સ.પા.પુ.અને ક. વિભાગ, (તમામ) તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી અર્થે.